| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૯/૧૨/૨૦૨૪ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૮૭ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૯ બિયર ટીન, ૨ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૬/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮૫૭/૨૦૨૪

**નરોડાઃ** ચેતનભાઇ ઇન્દ્રવદન પરમાર (ઉ.વ.૪૯) (રહે. એ/૪૦૨ શ્યામવિલા ગ્રીન હરિદર્શન ચાર રસ્તા નરોડા) એ તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) આદિતભાઇ અતુલકુમાર દવે (રહે. પંચમ બંગ્લોઝ પી.ટી.કોલેજ રોડ પાલડી હાલ-યુ.કે) (૨) શિલ્પાબહેન અતુલકુમાર દવે (રહે- પંચમ બંગ્લોઝ પી.ટી.કોલેજ રોડ પાલડી) (૩) બ્રિજેશભાઇ ડાહ્યાભાઇ ત્રિવેદી (રહે. એ/૨૦૩ શ્યામવિલા ગ્રીન હરિદર્શન ચાર રસ્તા નરોડા) (૪) સંજનાબહેન બ્રિજેશભાઇ ત્રિવેદી (રહે. એ/૨૦૩ શ્યામવિલા ગ્રીન હરિદર્શન ચાર રસ્તા નરોડા) (૫) કૌશર બેગમ (૬) મહમદભાઇ (૭) નવિનભાઇ છીપા (૮) સાગરભાઇ ગોપીનાથ ખમણવાળા પાલડી અને (૯) આશિષભાઇ ઠક્કર નવ ભારત ઓવરસીઝ નવરંગપુરા) એ ભેગા મળી માહે જાન્યુઆરી/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ચેતનભાઇ પરમારની પુત્રીને યુ.કે. દેશના વિઝા કરી આપવાની લાલચ આપી ચેતનભાઇ પરમાર પાસેથી રૂપિયા ૨૪,૨૫,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.વિહાત ચલાવે છે.

**સાયબર ક્રાઇમઃ** દિલીપકુમાર સ/ઓ અંબાદત્ત શુકલા (ઉ.વ.૭૯) (રહે. ફેવરીટ રેસિડેન્સી સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કુલ પાસે મેમનગર) એ તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૪ ના રોજ મોબાઇલ નંબર ૯૨૯૬૯૧૯૦૬૧ ના ધારકે દિલીપકુમાર શુકલાને ફોન કરી પોતાની ઓળખ Trai ના JTO (જુનીયર ટેલીકોમ ઓફીસર) રોહિત શર્મા તરીકે આપી દિલીપકુમાર શુકલાના મોબાઇલ નંબરથી ગુનાહીત પ્રવૃતિ થઇ રહેલ છે તેવી હકીકત જણાવી બાદમાં આ કોલ દિલ્હી પોલીસને ટ્રાન્સફર કરુ છું તેવી હકીકત જણાવી બાદમાં દિલ્હી પોલીસના નામે જુદા જુદા વ્યક્તિઓએ વાતચીત કરી તેમજ મોબાઇલ નંબર ૯૦૪૦૩૧૧૮૭૮ ના ધારકે વોટસએપ કોલ કરી દિલીપકુમાર શુકલા સાથે સી.બી.આઇ.ના અધિકારી તરીકેની ઓળખાણ આપી વાતચીત કરી દિલીપકુમાર શુકલાના નામે ઇસ્યુ થયેલ સીમકાર્ડથી ખોટા ટ્રાન્જેકશન થકી હવાલા કૌભાંડ થયેલ જણાવી જેમા દિલીપકુમાર શુકલામને સાત વર્ષની સજા થશે અને તે પહેલા ૯૦ દિવસ તેમની કસ્ટડીમાં રાખવાની વાત કરી વિશ્વાસ કેળવવા સી.બી.આઇ.ના લોગો વાળા ઇ.ડી.અને આર.બી.આઇ.ના લેટરના ફોટા મોકલી ધરપકડ કરવાની ધમકી આપી દિલીપકુમાર શુકલા પાસેથી બેંક ખાતાઓની અને તેમા પડેલ બેલેન્સની માહિતી મેળવી લઇ વેરીફીકેશન કરવાના નામે દિલીપકુમાર શુકલાના ખાતામાંથી રૂપિયા ૩,૭૯,૦૨૩/- તથા દિલીપકુમાર શુકલાના પત્નીના ખાતામાંથી રૂપિયા ૪૯,૦૦,૦૪૭/- મળી કુલ રૂપિયા ૫૨,૭૯,૦૭૦/- આરટીજીએસ મારફતે તેમના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૮/૨૦૨૪**

**પાલડીઃ** બિરેન સ/ઓ અરૂણભાઇ શાહ (ઉ.વ.૫૭) (રહે. સુવિધીનાથ સોસાયટી શાંતિવન બસ સ્ટેન્ડ પાસે નારાયણનગર રોડ પાલડી) એ તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૧/૨૦૨૪ સવારના ૫/૩૦ વાગ્યાથી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લાકડાના ડ્રોઅરમાંથી ચાંદીના સિક્કા કિમત રૂપિયા ૧૮૦૦/- અને રોકડ રૂપિયા ૨,૨૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્ચિયન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી